૬

ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન(વયવંદના) યોજના હેઠળ ૬૦ વર્ષથી ૭૯ વર્ષની વયના વૃધ્ધો માટે સહાયના દરોમાં વધારો કરવા બાબત

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:વનપ/૧૦૨૦૧૯/૧૨૯૬૧૬/છ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ.૦૮/૦૩/૨૦૧૯

વંચાણે લીધા:-

(૧) **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૧/૦૪/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: વનપ/૧૦૨૦૧૬/૭૦૦૭૪૦/નબા.૧૦/છ.**

(૨) **નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું,ગાંધીનગરનો પત્ર ક્રમાંક:સસુખા/યજન/ન.બા./૨૦૧૬-૧૭/૪૧૦, તા.૧૫/૦૨/૨૦૧૯.**

પ્રસ્તાવના:-

ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન(વયવંદના) યોજનામાં ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના ગરીબી રેખા હેઠળના (BPL) લાભાર્થીઓને સહાયના દરોમાં વખતોવખત વધારો કરવામાં આવેલ છે. ઉપર વંચાણે લીધેલ તા.૦૧/૦૪/૨૦૧૭ના ઠરાવથી ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન(વયવંદના) યોજના હેઠળ ૮૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના લાભાર્થીઓને સહાયનો દર માસિક રૂ. ૧૦૦૦/- (કેન્દ્ર સરકારના રૂ.૫૦૦/- તથા રાજ્ય સરકારના રૂ.૫૦૦/-) તથા ૬૦ વર્ષથી ૭૯ વર્ષની વયના વૃધ્ધો માટે માસિક સહાય રૂ.૫૦૦/- (કેન્દ્ર સરકારના રૂ.૨૦૦/- તથા રાજ્ય સરકારના રૂ.૩૦૦/-) સહાય આપવામાં આવે છે.

નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરના વંચાણે લીધેલ ક્રમાંક: (૨) અન્વયેના પત્રથી આ યોજનામાં ૬૦ વર્ષથી ૭૯ વર્ષની વયના વૃધ્ધો માટે માસિક પેન્શન સહાયના દરોમાં રૂ. ૨૫૦/-નો વધારો કરવા અંગે રૂ.૧૯૬૮૦.૦૦/-લાખની જોગવાઇ કરવા દરખાસ્ત રજુ કરવામાં આવેલ. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન(વયવંદના) યોજના હેઠળ ૬૦ વર્ષથી ૭૯ વર્ષની વયના વૃધ્ધો માટે માસિક સહાય રૂ.૫૦૦/-થી વધારીને રૂ.૭૫૦/-(રૂપીયા સાતસો પચાસ પુરા)- (કેન્દ્ર સરકારના રૂ.૨૦૦/- તથા રાજ્ય સરકારના રૂ ૫૫૦/-) નીચેની શરતોને આધીન મંજૂર કરવામાં આવે છે.

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધિતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતીની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે. યોજનાની શરતોમાં સુધારો કરવાનાં કિસ્સામાં નાણાં વિભાગની મંજૂરી મેળવવાની રહેશે.

૧૦. આ વધારો માત્ર ૬૦ વર્ષથી ૭૯ વર્ષની વય ધરાવતા આ યોજના હેઠળનાં લાભાર્થીઓનાં કિસ્સામાં જ લાગુ પડશે.

૧૧. આ વધારો તા.૦૧/૦૪/૨૦૧૯થી શરૂ થતાં નાણાંકીય વર્ષ માટે લાગુ પડશે.

૧૨. આ અંગે વિભાગે વર્ષ ૨૦૧૯-૨૦ની ચાલુ બાબત તરીકે અલગ રીતે જરૂરી જોગવાઇ કરેલ છે. તા.૦૧/૦૪/૨૦૧૯થી લાગુ થનાર આ સુધારા માટે એટલે કે, હાલની યોજનામાં મળતી સહાય ઉપરાંત વધારાની ચૂકવવાની થતી સહાય માટે આ ગ્રાન્ટનો ઉપયોગ કરવાનો રહેશે.

આ અંગેના ખર્ચ તા.૦૧/૦૪/૨૦૧૯થી કરવાનો રહેશે

આ અંગેનો ખર્ચ રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન(વયવંદના) યોજના વર્ષ ૨૦૧૯-૨૦નાં અંદાજપત્રમાં સમાવિષ્ટ કુલ રૂ.૧૯,૬૮૦/- લાખની મંજૂર કરાયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૨/૦૩/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી તથા સરકારશ્રીની તા.૦૮/૦૩/૨૦૧૯ની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

"ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે"

patel
(ડી.સી.પટેલ)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નામદાર રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા. ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ તથા સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.

- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના અન્ય સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશનર, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના સર્વે બોર્ડ/કોર્પોરેશનો.
- વિકાસ કમિશનરશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- ગ્રામ વિકાસ કમિશનરશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ.
- નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(કરકસર), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/ રાજકોટ.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ(મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર).
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ(મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર).
- સર્વે પ્રાન્ત અધિકારીશ્રીઓ(મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર).
- સર્વે મામલતદારશ્રીઓ(મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર).
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર).
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે શાખાઓ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (વિભાગની વેબ-સાઇટ પર મુકવાની વિનંતી સહ).
- સિલેકટ ફાઇલ/ નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.